વન વિભાગ હસ્તકની વીડીઓમાંથી વધારાના ઉત્પાદિત ઘાસને સ્થાનિક લોકો, ગૌશાળા, પાંજળાપોળ, સહભાગી વન વ્યવસ્થા સમિતિ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને દૂધ ઉત્પાદક મંડળીઓને વિનામૂલ્યે વાઢી લઇ જવા માટે મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ FED/WRT/e-file/6/2023/0720/M Section

સચિવાલય, ગાંધીનગર

તા. E-Sign મુજબ

**વંચાણે લીધાઃ**

(૧) ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એમએફપી/૧૨/૨૦૧૫/સી.ફા.૨૮/ મ, તા. ૧૪/૦૯/૨૦૧૫

(૨) અગ્ર મુખ્ય વન સંરક્ષક અને HoFF, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની સીંગલ ફાઇલ ક્રમાંક: ઘસચ/૩૪/અ/૨૪૭/૨૦૨૪-૨૫, તા. ૧૮/૧૧/૨૪.

**પ્રસ્તાવના:**

વન વિભાગે વીડી સુધારણા અને ઘાસ સુધારણા હેઠળ કરેલ કામોના લીધે વીડીઓની ઉત્પાદકતા ઘણી વધી ગયેલ છે, અને તેમાંથી ધાર્યા કરતા વધારે ઘાસનું ઉત્પાદન થઈ રહેલ છે. વધુમાં નવા ગોડાઉનો બનાવવાથી ઘાસની સંગ્રહ ક્ષમતામાં પણ વધારો થયેલ છે, તેથી હાલના સમયમાં વન વિભાગ પાસે સંગ્રહિત ઘાસનો જથ્થો કોઈપણ ચોક્કસ વિસ્તારની અછત પરિસ્થિતિને પહોંચી વળવા સક્ષમ છે.

હાલમાં વન વિભાગ પાસે ઘાસની સંગ્રહ ક્ષમતાને ધ્યાને લેતા પુરતાં પ્રમાણમાં ઘાસનો બફર સ્ટોક ઉપલબ્ધ છે. ચાલુ વર્ષે સારા વરસાદના લીધે રાજ્યની અનામત વીડીઓમાં સારા પ્રમાણમાં ઘાસનું ઉત્પાદન થયેલ છે, સાથોસાથ વન વિસ્તાર સિવાયના વિસ્તારમાં પણ ઘાસની ઉપલબ્ધતા સારી છે. આના લીધે આવતા ચોમાસા સુધી ઘાસની અછતની પરિસ્થિતિ ઊભી થવાની શકયતાઓ નહિવત્ છે. વીડીઓમાં વધારાના ઘાસનું વાઢકામ કરવામાં ન આવે તો તેમાં આગ લાગવાની શક્યતાઓ રહેલી છે, તેમજ આગામી વર્ષની ઉત્પાદકતામાં પણ ઘટાડો થઇ શકે તેમ છે. તે હકીકત ધ્યાને લેતાં વીડીઓમાં ઊભું વધારાના ઘાસનું વાઢકામ કરી ત્યાંથી ખસેડવું જરૂરી હોઇ, વંચાણે લીધેલ ક્રમાંક (૨) મુજબની સીંગલ ફાઇલથી સને ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષ દરમિયાન વન વિભાગ હસ્તકની અનામત તથા બિન અનામત વીડીઓમાંથી ખાતારાહે ઘાસ એકત્રીકરણ કર્યા બાદ વીડીમાં બાકી રહેલ લક્ષ્યાંક ઉપરાંતના વધારાના ઘાસના જથ્થાને વીડીની આસપાસના સ્થાનિક લોકો, સ્થાનિક ગૌશાળા, પાંજળાપોળ કે જે ગૌ સંવર્ધનનું કામ કરતી હોય, સ્થાનિક સહભાગી વન વ્યવસ્થા સમિતિઓને, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને, સ્થાનિક દુધ ઉત્પાદક મંડળીઓને વિના મૂલ્યે વાઢી લઇ જવા માટે મંજૂરી આપવાની દરખાસ્ત વિચારણા હેઠળ હતી. સરકારશ્રીની પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

સને ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષ દરમિયાન ઉત્પાદિત થયેલ ઘાસનું ખાતા રાહે વાઢકામ કર્યા પછી વીડીમાં રહી જવા પામેલ વધારાના ઊભા ઘાસનું આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના ઠરાવના પારા નં. ૨ (૨.૨)માં ઠરાવેલ પ્રર્વતમાન ધોરણે બિન અનામત વીડી ઉપરાંત અનામત વીડીઓમાંથી પણ (રાષ્ટ્રીય ઉદ્યાન તથા અભ્યારણ્ય વિસ્તાર બહારની) જે ગામે સહભાગી વન વ્યવસ્થા હેઠળ રજિસ્ટર થયેલ/વન વિભાગની અધિકાર પત્ર મેળવેલ વન સમિતિ/મંડળી કાર્ય કરતી હશે તો તેવી સમિતિને સૌ પ્રથમ વિનામૂલ્યે ઘાસ વાઢી લઇ જવાની પ્રાથમિકતા આપવાની રહેશે અને ત્યાર પછી નીચે પ્રમાણેનો અગ્રતાક્રમ રહેશે.

(૧) સ્થાનિક ગૌશાળા, પાંજળાપોળ, કે જે ગૌ સંવર્ધનનું કામ કરતી હોય.

(૨) સ્થાનિક માલધારી સહકારી મંડળી

(૩) સ્થાનિક દૂધ ઉત્પાદક મંડળી

(૪) સ્થાનિક ગ્રામ પંચાયત

ઉક્ત ઠરાવ સને ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષમાં ઉત્પાદિત થયેલ ઘાસ વાઢવા માટે જ લાગુ થશે, તેમજ કોઈપણ સંજોગોમાં વીડીઓમાં ઢોર ચરાવવાની મંજૂરી આપવામાં આવતી નથી.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૦-૧૨-૨૦૨૪થી મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(રાજ્ઞેશ રાઠોડ)

સેક્શન અધિકારી

વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિશ્રી,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને HoFF, અરણ્ય ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, (વિ.અને વ્ય.), અરણ્ય ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર. (પ્રસ્તુત ઠરાવની બહોળી પ્રસિદ્ધિ થાય તે જોવા વિનંતી સહ)
- રાહત કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૧/૮, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી ( વન ), બ્લોક નં.૯/૧, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- સર્વે કલેક્ટરશ્રી, (અગ્ર મુખ્ય વન સંરક્ષકની કચેરી, મારફત).
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, (અગ્ર મુખ્ય વન સંરક્ષકની કચેરી, મારફત).
- સર્વે મુખ્ય વન સંરક્ષકશ્રી/સર્વે વન સંરક્ષકશ્રી, (અગ્ર મુખ્ય વન સંરક્ષકની કચેરી, મારફત).
- સર્વે નાયબ વન સંરક્ષકશ્રી, (અગ્ર મુખ્ય વન સંરક્ષકની કેચેરી, મારફત)
- સેક્શન અધિકારીશ્રી (સ-૧ શાખા), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ (મ - શાખા)
- સીસ્ટમ મેનેજર, વન અને પર્યાવરણ વિભાગની વેબ સાઇટ પર મુકવા માટે.

Signature Not Verified

Signed by:R N Rathod
Section Officer
Date:2025.01.01
11:35:41 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign